ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# સેક્ટર-૨૬ની યુવતીનું શંકાસ્પદ ડેન્ગ્યુથી મોત

**શહેરમાં ૨૦ વેક્ટર કંટ્રોલ ટીમ, ૫૦ એમ.પી.એચ.ડબલ્યુ, ૧૫૮ આશા, ૫૧ ફિમેલ હેલ્થ વર્કરો દ્વારા સઘન સર્વેલન્સ હાથ ધરાયુ : ૩ હજાર જેટલા મકાનોમાં ફોગીંગ પણ કરાયુ : એન્ટી લારવેલની કામગીરી સઘન કરાઈ : શહેરમાં ડેન્ગ્યુના કેસો ૧૧૫ને પાર પહોંચ્યા : મેલેરિયામાં ઝેરી મેલેરિયાના ૨૫ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં કોરોના અને સ્વાઈન ફલુના કહેર વચ્ચે વાહકજન્ય રોગચાળાએ પણ માથુ ઉંચક્યુ છે. શંકાસ્પદ વાહકજન્ય રોગચાળાને કારણે સે. ૨૬ની એક યુવતીનું સારવાર દરમ્યાન મોત થયાની વાતો પણ ચર્ચામાં છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં વાહકજન્ય રોગચાળાની પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે તંત્રએ ૨૦ જેટલી વેક્ટર કંટ્રોલ ટીમો, ૫૦ એમ.પી.એચ. ડબલ્યુ, ૧૫૮ જેટલી આશા અને ૫૦ થી વધુ ફિમેલ હેલ્થ વર્કરોને સર્વેલન્સ માટેની જવાબદારી પણ સોંપી દીધી છે.

ગાંધીનગર શહેરમાં સે. ૨૬ની એક યુવતીનું વાહકજન્ય રોગચાળાથી શંકાસ્પદ મોત થયાની ઘટનાથી તંત્રમાં પણ સન્નાટો વ્યાપી ગયો છે. તંત્ર દ્વારા આ શંકાસ્પદ મોતને લઈ તપાસનો ધમધમાટ પણ શરૂ કરી દેવામાં આવ્યો છે. આ યુવતીને અન્ય બિમારી હોવાનું પણ તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે. જો કે આ અંગે કોઈ જ સત્તાવાર રીતે કંઈ પણ કહેવાથી દૂર રહે છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં આ વખતે વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે અને સતત ભેજવાળુ વાતાવરણ રહેવાના કારણે મચ્છરોની ડેન્સીટી પણ વધી જવા પામી છે. શહેરમાં આથી આ વખતે વાહકજન્ય રોગચાળાના કેસોએ દેખા દીધી છે.

શહેરમાં આ વખતે ૨૦થી વધુ ઝેરી મેલેરિયાના કેસો નોંધાયાની વાતોએ પણ ચર્ચા જગાવી છે. શહેરમાં અત્યાર સુધીમાં ૫૦થી વધુ મેલેરિયાના કેસો નોંધાઈ ચુક્યા છે.

શહેરમાં ડેન્ગ્યુના કેસો આ વખતે અત્યાર સુધીમાં ૧૧૫થી વધુ નોંધાયા છે. જો કે તંત્રે વાહકજન્ય રોગચાળાની સ્થિતિને નિયંત્રણમાં લેવા માટે આખો રોડમેપ તૈયાર કર્યો છે જેમાં સંવેદનશીલ વિસ્તાર અને અતિ સંવેદનશીલ વિસ્તાર અલગ તારવી આ વિસ્તારોમાં સર્વેલન્સ ઉપરાંત એન્ટી લારવેલ તેમજ ફોગીંગની કામગીરી પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

શહેરમાં અત્યાર સુધીમાં ત્રણ હજારથી વધુ ઘરોમાં ફોગીંગની કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું પણ જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાને નાથવા માટે તંત્ર દ્વારા સર્વેલન્સ અને વેક્ટર કંટ્રોલની ટીમોની કામગીરીને સઘન બનાવવામાં આવી છે. મચ્છરોની ઉત્પત્તિને અટકાવવા માટે હેલ્થના નિયમોને તાત્કાલિક મંજૂરી મળે તે માટેના પણ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.





રામદેવપીરના નેજા - રણુજાના રાજ રામદેવપીર પરત્વેની શ્રદ્ધા સમાજના અનેક વર્ગોમાં અકબંધ છે... ગરીબોના બેલી અને વંચિતો અને પિડીતો માટે સહાય માટે તત્પર રહેતા રણુજાના રાજા રામદેવપીર એક શ્રદ્ધાબિંદુ છે... હજારો ભાવિકો ભાવપૂર્વક નેજા ચડાવી શ્રદ્ધા વ્યક્ત કરે છે... રામદેવપીરનો હેલો ભારતીય સંસ્કૃતિમાં અમરકથા છે... યુવાનો માટે હેલાનું ગાન લોકપ્રિય છે... એવા રામદેવપીરના નેજાનો મહિમા આજે શહેરના માર્ગો પર જોવા મળ્યો હતો...

# ન્યુ ગાંધીનગર વિસ્તારના ઉબડ ખાબડ માર્ગો ટુંકમાં જ ચકાચક બનાવી દેવાશે

**ગુડાએ વિવિધ વિસ્તારમાં સર્વે કરી માર્ગોની દશા સુધારવા પ્લાન તૈયાર કર્યો : વર્ષોથી માર્ગોનુ રીસરફેસીંગ કરવામાં આવ્યુ નથી જયારે વરસાદી દિવસોમાં કમરતોડ માર્ગોથી નાગરિકો તોબા : દિવાળી પુર્વે ન્યુ ગાંધીનગરના માર્ગો ચકાચક કરી દેવાશે**

ગાંધીનગર તા ૫

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી માર્ગોની દશા ખરાબ છે. જયારે નિયત સમયના અંતે પણ લાંબા સમયથી માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી ત્યારે વરસાદી દિવસોના અંતે માર્ગો કમરતોડ બન્યા છે. આ મામલે ગુડાએ સર્વે હાથ ધરી રોડનેટવર્ક ચકાચક બનાવવા માટે આયોજન કરી દીધુ છે. ટુંક સમયમાં જ ન્યુ ગાંધીનગર વિસ્તારમાં માર્ગોની સુધારણા અને રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવશે. આગામી દિવાળી પુર્વે ગુડા વિસ્તારમાં માર્ગોના રીસરફેસીંગનુ કામ પુર્ણ કરી દેવાશે.

ગાંધીનગરના ન્યુ વિસ્તારમાં માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. જેના લીધે માર્ગ સલામતી પણ જોખમાઈ છે. જયારે વરસાદી દિવસોના અંતે તો માર્ગો પર ઠેર ઠેર ખાડા ટેકરા જોવા મળી રહ્યા છે. એકબાજુ માર્ગોના રીસરફેસીંગને ત્રણ વર્ષથી વધુ નિયત સમય પણ પુર્ણ થઈ ગયો છે. ત્યારે વરસાદી દિવસોમાં માર્ગોનુ અસ્તિત્વ જાણે ભુંસાઈ ગયુ હોય તેવી સ્થિતિ પણ કેટલાક ઠેકાણે જોવા મળી રહી છે. ન્યુ ગાંધીનગર સહીતના ગુડા વિસ્તારમાં આંતરિક અને મુખ્ય માર્ગો પર ખાડા પુરવાનુ જ નહીં પરંતુ રીસરફેસીંગનુ કામ પણ હાથ ધરવામાં આવશે. ગુડા કક્ષાએથી આ મામલે સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો.

જયારે હવે વિધાનસભાની ચુંટણીના પણ પડઘમ વાગી રહ્યા છે ત્યારે મુખ્યમંત્રી કક્ષાએથી પણ માર્ગ સુધારણાના કામો હાથ ધરવા પર ભાર મુકાયો છે. જેને અનુલક્ષી શહેર તેમજ જિલ્લામાં પણ માર્ગોની દશા સુધારવા તંત્ર દ્વારા વિશેષ અને નવતર આયોજન કરવામાં આવ્યુ છે. હાલ વરસાદી દિવસોમાં ન્યુ ગાંધીનગર વિસ્તારમાં માર્ગોની હાલત અત્યંત ખરાબ થઈ ગઈ છે. ગાંધીનગર શહેરી વિસ્તાર સત્તા મંડળ દ્વારા ટાઉન પ્લાનીંગ સ્કીમ નં - ૧થી ૯ અને ૧૩ થી ૧૯ ના વિસ્તારમાં રસ્તાઓ સંદર્ભે સર્વે હાથ ધરાયો હતો આ વિસ્તારમાં માર્ગ સુધારણા અને નવિનીકરણ માટે માસ્ટર પ્લાન તૈયાર કરાયો છે.

**આગામી ટુંક સમયમાં માર્ગોને નવેસરથી ડામર કાર્પેટ કામ કરવા માટે કામગીરી શરૂ કરી દેવાશે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે**

હાલ મહાનગર પાલિકાની હદમાં સમાવિષ્ટ આ વિસ્તારમાં માર્ગોની દશા સુધારવા માટે ગુડા કક્ષાએથી જ કામગીરી હાથ ધરવામાં આવશે જયારે આ માર્ગોની સુધારમા અને રીસરફેસીંગના કામ માટે ગુડા કક્ષાએથી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો જયારે સર્વેના એતે માર્ગોના નકશા તૈયાર કરી રોડ નેટવર્કને ચકાચક બનાવવા માટે પણ પ્લાન તૈયાર કરી દેવાયો છે. ગુડાના ઈજનેરી સુત્રોએ સર્વેના અંતે ડામર કાર્પેટ કામ હાથ ધરવા માટે પણ આયોજન કરી દીધુ છે. જયારે માર્ગોની દશા સુધારવા વિવિધ બે એજન્સીને કામ સોંપી દેવાયુ છે. સરખેજ ગાંધીનગરની ઉત્તર દીશા માટે ક અને દક્ષિણ દીશાના ભાગ માટે બીજી એજન્સીને કામ સોંપી દેવાયુ છે.

સુત્રોના જણાંવ્યા મુજબ કોન્ટ્રાકટર્સે આ માટે પ્લાન્ટ પણ શરૂ કરી દીધા છે. જયાં મોટા ખાડા હોય તેવા માર્ગો પર પેચ વર્ક પણ શરૂ કરી દેવાયુ છે. દિવાળીના તહેવાર પુર્વે રસ્તા સુધારણા અને રીસરફેસીંગના કામો પુર્ણ કરી દેવા માટે પણ આયોજન કરાયુ છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના અધિકારીઓએ એમ પણ જણાંવ્યુ છે કે આગામી ટુંક સમયમાં માર્ગોને નવેસરથી ડામર કાર્પેટ કામ કરવા માટે કામગીરી શરૂ કરી દેવાશે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

## જિલ્લામાં કોરોનાના કેસ ઘટ્યા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસમાં આજે ઘટાડો જોવા મળ્યો છે. શહેરમાં આજે કોરોનાના વધુ ૩ કેસ તો ગ્રામ્યમાં વધુ ૨ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતારની સ્થિતિ જોવા મળી રહી છે. લોકલ ટ્રાન્સમિશનથી જ કેસો નોંધાઈ રહ્યા હોવાથી તંત્રએ હવે વેક્સિનેશન અને સઘન સર્વેલન્સની રણનીતિ પર જ ભાર મુક્યો છે.

શહેરમાં આજે ૩ કેસ નોંધાયા છે. જેમાં બે મહિલા દર્દી છે. શહેરમાં આજે ૩એ કેસ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે. રાંદેસણમાં એક અને સરગાસણમાંથી બે કેસ મળ્યા છે.

આજે નોંધાયેલા ૩એ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્ય છે. શહેરમાં આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તંત્રને તાકીદ કરવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ બે કેસ નોંધાયા છે. ગાંધીનગર અને કલોલ તાલુકામાં એક-એક કેસ નોંધાયો છે. અગાઉની લ્હેરોમાં પણ આ બે તાલુકામાં જ વધુ કેસો નોંધાયા હતા.

# સંપની સફાઈ માટે બે દિવસ શટડાઉન આપવા વોટર સપ્લાય બોર્ડની દરખાસ્ત

**છેલ્લા ઘણાં સમયથી ડહોળુ પાણી આવી રહ્યુ છે ત્યારે સંપમાં પણ માટી ભરાઇ જતા સફાઇ માટે બે દિવસ સટ ડાઉન આપવા માટે કોર્પોરેશનને વોટર સપ્લાય બોર્ડે દરખાસ્ત કરી છે**

ગાંધીનગર તા ૫

શહેરમાં ચોમાસા દરમિયાન છેલ્લા કેટલાક સમયથી સેકટરોમાં ડહોળુ પાણી આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. પાણીની ગુણવત્તા સામે પણ સવાલો મંડરાયા છે. ડહોળા પાણીની સમસ્યાને ડામવા માટે ફટકડીનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જયારે ડહોળા પાણીના લીધે સંપમાં પણ માટી ભરાતા વોટર સપ્લાય બોર્ડ કક્ષાએથી સંપની સફાઈ માટે બે દિવસના સટ ડાઉન માટે કોર્પોરેશને દરખાસ્ત કરી છે. જો કે હજુ આ મામલે કોઈ નિર્ણય લેવાયો નથી.

શહેરમાં વરસાદી દિવસો દરમિયા છેલ્લા એકાદ મહીનાથી ડહોળા પાણીની સમસ્યા પેચીદી બની છે. સેકટરોમાં પાણી ડહોળુ આવતુ હોવાની ફરિયાદો સાથે રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે. એકબાજુ ડેન્ગ્યુ અને મેલેરિયા સહીતના રોગચાળાએ જોર પકડયુ છે. ત્યારે કમળા અને ટાઈફોઈડના કેસ પણ સામે આવી રહ્યા છે. આવા સંજોગોમાં પાણીની ગુણવત્તા સામે સવાલો મંડરાતા સ્થાનિકોમાં ભય પ્રવર્તયો છે. જો કે સતત ડહોળુ પાણી આવતા આ મામલે પાણી વિભાગના અધિકારીઓએ પણ નગરજનોને પાણી ઉકાળીને પીવા

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર જિલ્લાના સાત શિક્ષકોને પારિતોષિક વિતરણ

**બે દાયકામાં ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે પરિવર્તન લાવવાનું કામ શિક્ષકોએ કર્યું છે : હર્ષ સંઘવી**

ગાંધીનગર, તા.૫

બે દાયકામાં ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે પરિવર્તન લાવવાનું કામ શિક્ષકોએ કર્યું છે, એમ ગાંધીનગર જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિક વિતરણ કરવાના સમારોહમાં ગૃહ-



મહેસુલ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.

સેકટર-૨૫ની શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે દીપ પ્રાગટય કરીને સમારોહનો શુભારંભ કરાવતાં ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ સૌ ગુરુજનોને વંદન કરીને જણાવ્યું હતું કે, દેશના રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસને સમગ્ર દેશમાં શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. રાજય સરકાર દ્વારા ૧૯૬૪થી રાજય સ્તરે આ દિને શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરવામાં આવે છે અને શિક્ષકોને તેમના ઉમદા કાર્ય બદલ પ્રોત્સાહન આપવામાં આવે છે.

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની શિક્ષણ પ્રત્યે અલગ જ ભાવના હતી, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, તેમણે રાજય સહિત દેશના વિકાસ માટે શિક્ષણ ઉપર સૌથી વધુ ભાર મુક્યો છે. તેમણે વર્ષ - ૨૦૦૪ની વાત કરતાં જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે જો બાળકો ટી.વી.ના માધ્યમથી ગીતો શીખી શકે, તો કેમ ગણિતના દાખલા ન શીખી શકે તેવો ઉમદા વિચાર રજૂ કર્યો હતો. વર્ષ- ૨૦૨૦માં કોરાનાકાળમાં આ ટેકનોલોજી થકી બાળકોને શિક્ષણ આપવાનો અભિગમ રાજય સરકારે અપનાવ્યો હતો.

શિક્ષકો શાળાએ આવતા બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવા માટે પ્રયત્ન કરે છે, તે વાત ઘણી પ્રસંશનીય છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, સમાજમાં સારા નાગરિકોનું ઘડતર કરવાનું કામ પણ શિક્ષકો કરી રહ્યા છે. તમામ તકલીફોમાં શિક્ષકો ફ્રન્ટ વોરિયર્સનું કામ કરી રહ્યા છે. કોરોનાકાળમાં શિક્ષકોએ પણ શિક્ષણના કલાસો થકી કોરોના અંગેની જાગૃત્તિ લાવવાનો ઉમદા પ્રયાસ કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર એઆરટીઓમાં ટુ-વ્હીલર અને ફોર-વ્હીલરના પસંદગીના નંબરો માટે હવે ઑનલાઈન પ્રોસેસ

ગાંધીનગર

ગાંધીનગરની સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (એ.આર.ટી.ઓ.) કચેરી દ્વારા વાહનોના પસંદગીના નંબરો મેળવવા માટે ટુ-વ્હીલરની પાંચ સિરીઝ; GJ-18-DK, GJ-18-DL, GJ-18-DM, GJ-18-DN અને GJ-18-DP તથા એલ.એમ.વી. કારની પાંચ સિરીઝ GJ-18-BM, GJ-18-BN, GJ-18-BP, GJ-18-BQ અને GJ-18- BR તથા ટ્રાન્સપોર્ટ વાહનોની સિરીઝ Gj-18-BV નું રિ-ઑક્શન શરૂ કરાશે. વાહનોના નંબરોની હરાજી પારદર્શક, ઝડપી અને વધુ કાર્યક્ષમ બનાવવા હવે ઑનલાઈન ઑક્શન કરાશે, એટલું જ નહીં ઑનલાઈન ઑકશનની પ્રક્રિયા ડાયનેમિક ઑક્શન પ્રોસેસ રહેશે. એટલે કે, હરાજીમાં ભાગ લઈ રહેલા અરજદારે વેબસાઈટ પર હરાજી પ્રક્રિયા દરમિયાન વખતોવખત હરાજીની રકમનો ઉમેરો કરવાનો રહેશે. જે રૂ. ૧,૦૦૦ ના ગુણાંકમાં રહેશે. અત્યારની વન ટાઈમ બિડીંગ પ્રોસેસની જેમ એક જ વખતની બિડ પ્રોસેસ કરી શકાશે નહીં.

ગાંધીનગરના સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ આ અંગે વિસ્તૃત માહિતી આપતાં જણાવ્યું છે કે, પસંદગીના નંબરો માટે રાજ્ય સરકારના વર્ષ-૨૦૧૫ ના પરિપત્રની સૂચનાઓ, જેવી કે ગોલ્ડન નંબર, સિલ્વર નંબર, બેઝ એમાઉન્ટ, રજીસ્ટ્રેશન ટેક્ષ, સી.એન.એ. ફોર્મ વગેરે યથાવત રાખીને વાહન ૪.૦ માં ઉપલબ્ધ નાગરિક કેન્દ્રિત સગવડોને લક્ષમાં રાખીને રાજ્ય સરકારે ઑનલાઈન ઑક્શન કરવાનું નક્કી કર્યું છે. ઈ-ઑક્શન પ્રક્રિયા માટે રજીસ્ટ્રેશન તા. ૧૫મી એ સાંજે ૪ કલાકે શરુ કરાશે. રજીસ્ટ્રેશન ૧૭મીએ સાંજે ૩.૫૯.૫૯ કલાકે બંધ થશે. ઈ-ઑક્શન ૧૭મીએ સાંજે ૪ કલાકે શરુ થશે. અને ઈ-ઑક્શન તા. ૧૯મી એ સાંજે ૪કલાકે બંધ થશે.

# ટેટ-ટાટ પરીક્ષાના અભાવે યુવાનોની આંદોલનની ચિમકી

**ગાંધીનગરમાં રાજયના વિવિધ જિલ્લામાંથી યુવક યુવતિઓ એકત્રિત થયા : મુખ્યમંત્રીને રજુઆત કરી : પરીક્ષા સંદર્ભે આગામી ૧૦ સપ્ટેમ્બર સુધીમાં જાહેરાત કરવામાં નહી આવે તો ઉગ્ર લડત આપવામાં આવશે**



ગાંધીનગર તા ૫

ટેટ ટાટની પરીક્ષાના આયોજનમાં વિલંબ થતા બી એડ પી ટી સી માં ઉત્તિર્ણ ઉમેદવારો શિક્ષક બની શક્યા નથી. ગુજરાતમાં આ ઉમેદવારોની યાદીમાં અંદાજિત ૪ લાખ યુવાનો છે. જયારે આ યુવાન બેરોજગારોની ધીરજ ખુટતા આ મામલે હવે આંદોલનની રાહ અપનાવાની તૈયારીમાં છે. આ મામલે મુખ્યમંત્રીને લેખિતમાં રજુઆત કરી છે જેમાં જણાંવ્યા મુજબ આગામી ૧૦ સપ્ટેમ્બર સુધીમાં પરીક્ષાની તારીખ જાહેર કરવામાં નહીં આવે તો રાજયમાં અમરણાંત ઉપવાસની રાહે લડત આપવાની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

રાજયની શાળાઓમાં ભૌતિક સુવિધાઓ છે જયારે સ્કુલ ઓફ એકસલન્સ , પ્રવેશોત્સવ, ગુણોત્સવ અને ખેલમહાકુંભ જેવા આયોજનો સમયાંતરે કરવામાં આવે છે. જયારે અન્ય અનેક પ્રકારના કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. જયારે શિક્ષકોની ઘટ નિવારવા માટે ટેટ અને ટાટની પરીક્ષાના આયોજન મામલે ભારોભાર નિષ્ક્રીયતા સેવાઈ રહી છે. અલબત્ત પરીક્ષાનુ આયોજન કરવામાં આવતુ નથી. સરકાર કક્ષાએથી આ પરીક્ષાનુ કોઈ આયોજન કરવામાં આવતુ નથી જેના લીધે રાજયના લાખો યુવા ઉમેદવારોમાં ઘોર નારાજગી વ્યાપી છે. જયારે અન્ય રાજયમાં આ પરીક્ષા નિયમિત લેવાય છે અને શિક્ષકની ભરતી પ્રક્રીયા પણ સમયસર હાથ ધરવામાં આવે છે. રાજયના શિક્ષણ વિભાગના અધિકારીઓ આ મામલે નિરસતા સેવી રહ્યા છે. આવા સંજોગોમાં ભાવિ શિક્ષકો હવે કોર્ટના શરણે જાય તેવી સ્થિતિ છે.

સરકારની આ નિતીના લીધે રાજયના લાખો યુવાનોના શમણાં રોળાયા છે. સરકારી નિયમ મુજબ ટેટ કે ટાટ પરીક્ષા પાસ ન કરી હોય તેઓ અનુદાનિતમાં જ નહીં પરંતુ ખાનગી શાળામાં પણ શિક્ષકની નોકરી આપી શકાય નહીં. જેના લીધે વર્ષ ૨૦૧૭ બાદ હાથ ધરાયેલી અંદાજિત ૩ જેટલી ભરતી પ્રક્રીયામાં આ ઉમેદવારોને નોકરી

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં સ્વાઈન ફલુના વધુ બે કેસ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુના આજે વધુ બે કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા બે કેસ સાથે સ્વાઈન ફલુના કેસોની સંખ્યા વધીને ૬૧ પર પહોંચી છે.

શહેરના સે. ૧૨માંથી આજે બે કેસ મળી આવ્યા છે. બન્ને દર્દી મહિલા છે અને બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં સતત સ્વાઈન ફલુના કેસ વધી રહ્યા છે તેમજ મહિલા દર્દીઓની સંખ્યા જે રીતે વધી રહી છે તેનાથી તંત્રની ચિંતા વધી છે.

સે. ૧૨માં આજે એક ૨૨ વર્ષીય મહિલા અને ૨૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સ્વાઈન ફલુને લઈ સે. ૧૨ સંવેદનશીલ વિસ્તાર તરીકે ઉભરી રહ્યુ હોવાથી તંત્રએ આ સેકટરમાં સર્વેલન્સ સઘન કરવાની સૂચનાઓ આપી છે.

ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંક લિ.

પ્લોટ નં. ૩૯૧, ઘ-૪-૧/૨, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬

ફોન નં. ૨૩૨ ૪૭૨૧૫/૧૬, ૨૩૨૨૧૯૮૫, વેબસાઈટ - www.gncb.con.in

**વાર્ષિક સાધારણ સભાની નોટિસ**

આથી બેંકના સર્વે સભાસદશ્રીઓને જણાવવાનું કે, બેંકની ૪૮મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૫/૯/૨૦૨૨ને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે બેંકની હેડ ઓફિસ ખાતેના મકાનમાં, સભાખંડ, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. બેંકની આ વાર્ષિક સાધારણ સભામાં હાજરી આપવા વિનંતી છે. સભાની કાર્યસૂચિ બેંકના નોટીસ બોર્ડ ઉપર તથા વાર્ષિક અહેવાલમાં આપેલ છે. બેંકનો વાર્ષિક અહેવાલ બેંકની નજીકની શાખામાંથી મળી શકશે તથા બેંકની વેબસાઈટ www.gncb.con.in ઉપર પણ ઉપલબ્ધ છે.

તા. ૧/૯/૨૦૨૨ દિપકકુમાર એચ. શાહ
ચીફ એકઝીક્યુટીવ ઓફિસર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com